કેસ રજુ તા. ૧૮–૦૫–૨૪
દાખલ તા. ૧૮–૦૫–૨૪
ફેંસલ તા. ૧૦–૦૪–૨૬
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૧૮/૨૦૨૪
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** હરેશભાઈ ઉર્ફે હરીયો ભલાભાઈ નાયકા,
ઉ.વ.આ. ૨૦, ધંધો – મજુરી,
રહે. સરગઈ, તા.બોડેલી,
જી.છોટાઉદેપુર.

---

**ગુનોઃ–** ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ –૪, ૫(એલ), ૬, ૮, ૧૧(૬), ૧૨ મુજબનો ...

---

---

ફરીયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – કે.એમ.મકવાણા.
આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી – એમ. વી. ઠોળીયા.

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદીની સગીર વયની દિકરી કે જે આ કામના ભોગબનનાર (જન્મ તારીખ ૨૪/૦૪/૨૦૦૮) છે તેણીને આ કામના આરોપી સગીર વયની હોવાનુ જાણવા છતા લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ગઈ તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ રાત્રીના આશરે ૦૨.૦૦ વાગ્યાની આસપાસ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, અલગ અલગ જગ્યાએ લઈ જઈ, તેણીએ ના પાડવા છતાં તેણીની મરજી વિરૂદ્ધ તેણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી, આરોપીએ ગુનો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૩/૨૦૨૪ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

૨.) આરોપી વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

૩.) તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી અને ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપી વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

૪.) ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૧૮/૨૦૨૪ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એમ. વી. ઠોળીયા હાજર થયેલા.

૫.) શ્રી સરકારપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૦૪ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ આંક – ૦૫ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ તહોમતનામાં લગત આંક – ૦૬ થી આરોપીનો જવાબ નોંધતાં આરોપીએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

૬.) આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

## -: મૌખિક પુરાવો :-

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૦૭ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૨. | ૧૦ | ફરિયાદી/ભોગબનનારના પિતા | ફરિયાદી |
| ૩. | ૧૪ | ડૉ. મોહિતભાઈ મુકેશભાઈ વાઘેલા | મેડિકલ ઓફિસર |
| ૪. | ૨૦ | ડૉ. શીવાનીબેન મુકેશભાઈ રાણા | મેડિકલ ઓફિસર |
| ૫. | ૨૪ | ડૉ. કનકલતા ધનજીભાઈ નકુમ | મેડિકલ ઓફિસર |
| ૬. | ૨૯ | ભરતગીરી પ્રતાપગીરી ગોસાઈ | પી.એસ.ઓ. |
| ૭. | ૩૪ | સકીલરજા મોહમદયુસુફ દધાલીયા | સરકારી સાહેદ |
| ૮. | ૩૭ | પ્રભુભાઈ રામજીભાઈ મેટાલીયા | ત.ક.અધિકારી |
| ૯. | ૪૦ | જીગરભાઈ ભરતકુમાર પંડીત | ત.ક.અધિકારી |
| ૧૦. | ૪૪ | વર્ષાબેન લવજીભાઈ સાકરીયા | ત.ક.અધિકારી |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૮ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન |
| ૨. | ૧૧ | ભોગબનનારનો જન્મતારીખનો દાખલો |
| ૩. | ૧૨ | ફરિયાદ |
| ૪. | ૧૫ | ભોગબનનારની શારીરિક તપાસણી કરવા સી.એચ.સી. લાઠીદડને કરેલ યાદી |
| ૫. | ૧૬ | રીફર સ્લીપ |
| ૬. | ૧૭ | ભોગબનનારની મેડિકલ તપાસ અંગેનુ પ્રમાણપત્ર |
| ૭. | ૧૮ | આરોપીની મેડિકલ તપાસ કરવા સી.એચ.સી. લાઠીદડને કરેલ યાદી |
| ૮. | ૧૯ | આરોપીનુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૯. | ૨૧ | ભોગબનનારને ગાયનેક તપાસ અંગે સર ટી. હોસ્પિટલ ભાવનગરને રીફર કરેલ જે રીફરસ્લીપ |
| ૧૦. | ૨૨ | ભોગબનનારનુ ગાયનેક તપાસણી અંગેનુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૧૧. | ૨૫ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૧૨. | ૨૬ | આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ |
| ૧૩. | ૨૭ | મેડિકલ સેમ્પલો કબજે કર્યા અંગેનુ પંચનામુ |

| | | |
|---|---|---|
| ૧૪. | ૨૮ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૧૫. | ૩૦ | તપાસ સંભાળ્યા અંગેની યાદી |
| ૧૬. | ૩૧ | એફ.આઈ.આર. |
| ૧૭. | ૩૨ | સુચિપત્ર |
| ૧૮. | ૩૫ | મોડાસા નગરપાલિકાના જન્મ મરણ રજીસ્ટરના ઉતારાની નકલ |
| ૧૯. | ૩૬ | ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની સર્ટીફાઇડ નકલ આપવા કરેલ યાદી |
| ૨૦. | ૩૮ | આરોપી તથા ભોગબનનારની શોધખોળ કરવા માટે તપાસ અર્થે બહારગામ જવા પોલીસ અધિક્ષકશ્રી બોટાદનાઓ પાસે મંજુરી મેળવવા કરેલ યાદી |
| ૨૧. | ૪૧ | તપાસ સંભાળી લેવા અંગેની યાદી |
| ૨૨. | ૪૨, ૪૫ | ભોગબનનાર તથા આરોપી અન્ય જીલ્લામાં હોવાની બાતમી મળતા બીજા જીલ્લામા જવા મંજુરી માંગવા કરેલ યાદી |
| ૨૩. | ૪૬ | કલમ ઉમેરો કરવા નામદાર પોક્સો કોર્ટને કરેલ યાદી |
| ૨૪. | ૪૭ | આરોપીની અટક અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૨૫. | ૪૮ | આરોપીની તપાસણી કરી મેડિકલ સર્ટીફિકેટ આપવા મેડિકલ ઓફિસર લાઠીદડને કરેલ યાદી તથા ફીટનેસ સર્ટીફિકેટ |
| ૨૬. | ૪૯ | ભોગબનનારની ગાયનેક સંબંધી તપાસ કરવા ગાયનેક સર ટી. હોસ્પિટલને કરેલ યાદી |
| ૨૭. | ૫૦ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન લેવા નામદાર કોર્ટને કરેલ યાદી |
| ૨૮. | ૫૨ | સરકારી પંચો ફાળવવા માટે પી.જી.વી.સી.એલ બોટાદને કરેલ યાદી |
| ૨૯. | ૫૩ | પી.જી.વી.સી.એલ. બોટાદ તરફથી પંચો ફાળવ્યા બાબતની યાદી |
| ૩૦. | ૫૪ | મુદ્દામાલ ફોરેન્સિક પરીક્ષણ અર્થે એફ.એસ.એલ., જુનાગઢ ખાતે મોકલી આપેલ જે રવાનગી નોંધ તથા રવાનગી પત્રક |
| ૩૧. | ૫૫ | મુદ્દામાલ એફ.એસ.એલ. જુનાગઢને મળ્યા અંગેની પહોચ |
| ૩૨. | ૫૬ | બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ |

૭.) ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક– ૫૭ ની ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ઉપર ખોટો કેસ કરેલ હોઈ તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી. તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૮.) ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪ હેઠળ વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપી તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી એમ. વી. ઠોળીયાની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

૮.૧) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોના નિવેદનો તથા કોર્ટ સમક્ષની જુબાની જોતાં આ કામના આરોપી વિરૂદ્ધ હાલનો કેસ શંકારહિત પુરવાર કરવામાં આવેલ છે. જે સંજોગોમાં આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા તથા દંડ કરવા વિનંતી કરેલ છે.

૮.૨) જ્યારે બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી એમ. વી. ઠોળીયા દ્વારા બચાવ રજુ કરેલ છે કે, આ કામના ફરીયાદી તેમજ ભોગબનનાર જે મહત્વના સાહેદ હોવા છતાં તેમની સોગંદ પરની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને મદદરૂપ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદી કે ભોગબનનાર, ભોગબનનારની ચોક્કસ જન્મ તારીખ જણાવતા નથી. સદરહુ ફરિયાદ ફરિયાદીએ શંકાના આધારે લખાવેલી છે. તેમજ ફરિયાદ દસ દિવસ મોડી આપેલી, જેનુ કોઈ યોગ્ય કારણ પણ ફરિયાદીએ જણાવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે ભોગબનનારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમના પુરવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોના પુરાવાથી

આરોપીને સજા કરી શકાય તેવી કોઈ ચોક્કસ હકીકત નિકળી આવતી નથી જેથી સદર પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો રજુ થયેલો નથી. આમ, સમગ્ર હકીકતે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનું તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વિદ્વાન વકીલશ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપીને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૯.) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**૧.)** શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદીની સગીર વયની દિકરી કે જે આ કામના ભોગબનનાર (જન્મ તારીખ ૨૪/૦૪/૨૦૦૮) છે તેણીને આ કામના આરોપી સગીર વયની હોવાનુ જાણવા છતા લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ગઈ તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ રાત્રીના આશરે ૦૨.૦૦ વાગ્યાની આસપાસ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, અલગ અલગ જગ્યાએ લઈ જઈ, તેણીએ ના પાડવા છતાં તેણીની મરજી વિરૂદ્ધ તેણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધી, આરોપીએ ઈ.પી.કોડ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ –૪, ૫(એલ), ૬, ૮, ૧૧(૬), ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**-: કારણો :-**

**૧૦.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવા

માટે સૌપ્રથમ **સાહેદ નં. ૧ ભોગબનનારને આંક – ૦૭** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી તેણીને કારીયાણી અપુભાઈની વાડીએ લઈ ગયેલો. ત્યાં તેઓ ખાસ્સો સમય રહેલા . જેનો ચોક્કસ સમય તેમને ખબર નથી. ત્યારબાદ તેઓને પાલીતાણા ગામે લઈ ગેયલા ત્યાં પણ ઘણો સમય રહેલા. પોલીસ ત્યાં તેઓને લેવા માટે આવેલી. ત્યારબાદ તેઓને બોટાદ પોલીસ સ્ટેશન લાવેલા. ત્યા પોલીસે તેમની પુછપરછ કરેલી. ત્યારબાદ પહેલા લાઠીદડ ગામે દવાખાને લઈ ગયેલા ત્યા તેમની તપાસ કરેલી. ત્યારબાદ ભાવનગર દવાખેને લઈ ગયેલા, ત્યાં પણ તેણીની તપાસ કરેલી. ત્યારબાદ બોટાદ પરત લાવેલા. પોલીસ સ્ટેશનમાં તેણીએ પોતાના કપડા આપેલા. સદરહુ ભોગબનનારને મુદ્દામાલ કપડા બતાવતા તે તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. ભોગબનનારને સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન બતાવતા તેમાં તેણી પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે જે નિવેદન આ કામે આંક – ૦૮ થી રજુ રાખેલ છે. તેઓને નામદાર અદાલત રૂબરૂ ચાર્જશીટમાંથી આરોપીનો ફોટોગ્રાફ બતાવતા તેણી આરોપીને ઓળખી બતાવે છે.

સદરહુ ભોગબનનારે ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી વિદ્વાન પી.પી.શ્રીએ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગેલી. જે પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન પી.પી.શ્રીએ તેમને સુચક પ્રશ્નો પુછેલા જેમાં તેણીએ જણાવેલ છે કે, તેણી અને હરેશ દડવા પાસે આવેલ વડોદ ગામની સીમમાં પપ્પુભાઈની વાડીએ રહેવા લાગેલ અને ત્રણેક મહિના રોકાયેલા. તે વખતે આરોપી હરેશ તેણી સાથે શરીર સંબંધ બાંધવાનુ કહેતો પરંતુ તેણી ના પાડતી છતા પણ આરોપીએ બળજબરીથી તેણી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ. ત્યારબાદ તેઓ પીંગળી ગામે ભરતભાઈ રાઠોડની વાડીએ ગયેલા અને ત્યાં પણ આશરે ચાર મહિના રોકાયેલા અને ત્યાં પણ આરોપીએ તેણી સાથે અવાર નવાર શારીરિક સંબંધ બાંધેલો અને ત્યા રાત્રીના પોલીસ આવેલી અને તેમને તથા આરોપીને પકડી લીધેલા. તેણી પોલીસ સાથે જે જે જગ્યાએ બનાવ બનેલ તે તે જગ્યાએ ગયેલી અને તે જગ્યાઓ પોલીસને દેખાડેલી.

સદરહુ ભોગબનનારની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણી જણાવે છે કે, તેણી અભણ હોય પોલીસે જે લખાણમાં તેણીના અંગુઠાના નિશાન લીધેલા તે લખાણ તેમને વાંચી સંભળાવેલ નથી. પોલીસ તેણીની પુછપરછ કરતી હતી ત્યારે તેણીના સગાવાલા સાથે હતા અને તેમના સગાવાલા જે માહિતી આપતા હતા તે પોલીસ લખતી હતી. તમારી સાથે કોઈ બનાવ બનેલ ન હોય જેથી તમે જજ સાહેબ સમક્ષ કઈ લખાવેલ નહી, એ વાત સાચી? તેવી પ્રશ્ન સ્વરૂપની ઉલટતપાસના જવાબમાં ભોગબનનારે કોઈ જવાબ આપેલ નહી. આરોપી તેમની નાતનો હોવાથી તેણી તેને ઓળખે છે. તેણી અગાઉ આરોપી સાથે પ્રેમસંબંધમાં હતી તે હકીકત તેણીએ પોલીસ સમક્ષ જણાવેલ.

– ભોગબનનારની સમગ્ર જુબાની જોતાં તેણી પોતાની સરતપાસમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો રજુ રાખતા નથી જેથી તેણીને વિમુખ જાહેર કર્યા બાદ ઉલટતપાસ કરતા તેમાં તેઓ તથા આરોપી વડોદગામની સીમમાં પપ્પુભાઈની વાડીએ ત્રણ મહિના રોકાયેલા તે વખતે તેણીએ ના પાડવા છતા આરોપીએ તેણી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલો. તેમજ પીંગળી ગામે પણ ભરતભાઈની વાડીએ ચાર મહિના રોકાયેલા અને ત્યા પણ આરોપીએ તેણી સાથે શારીરિક સંબંધો બાંધેલા. પરંતુ આટલા લાંબા સમયગાળા દરમિયાન કોઈ પણ તબક્કે તેણીએ બૂમાબૂમ કરી હોય કે ભાગવાનો પ્રયત્ન કર્યો હોય તેવું જણાતું નથી. જ્યારે ભોગબનનારે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે જ્યારે પોલીસ તેની પૂછપરછ કરતી હતી ત્યારે તેના સગા–વહાલા હાજર હતા અને તેઓ જે કહેતા હતા તે પોલીસ લખતી હતી. આ બાબત દર્શાવે છે કે પોલીસ નિવેદન ભોગબનનારની સ્વેચ્છાએ નહીં પણ અન્યોના કહેવાથી લખાયેલું હોઈ શકે. વધુમાં ભોગબનનારે એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેણી અગાઉ આરોપી સાથે પ્રેમ સંબંધમાં હતા. જેથી ભોગબનનારની જુબાની વિશ્વાસપાત્ર જણાતી નથી તે સંજોગોમાં ભોગબનનારના પુરાવાથી બનાવ સબંધેની કોઈ હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય, આરોપીને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

**૧૧.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ફરિયાદી (ભોગબનનારના પિતા) ને આંક – ૧૦** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે, જેની ઉંમર હાલમાં ૧૬ વર્ષ છે. બનાવ ગયા વર્ષે બનેલો તે સમયે તેઓ સમઢીયાળા ગામે ભરતભાઇ પોપટભાઇના ખેતરે કામ કરતા હતા. ભોગબનનારની જન્મતારીખ તેમને ખબર નથી. તેઓ મોડાસા ગામે રક્ષાબંધન હોય ત્યા ગયેલા અને ભોગ બનનાર તથા અન્ય દિકરીને તેમના સાળાના ઘરે સમઢીયાળા મુકેલી અને સવારના તેમના સાળાનો ફોન આવેલો અને તેમને જણાવેલ કે, ભોગબનનાર રાત્રીના ૨ વાગ્યાથી નથી અને કહેલ કે ખેતીકામ કરતો હરેશભાઇ ભલાભાઇ નાયકા પણ છે નહી અને તેમણે હરેશના ભાઇને ફોન કરેલો અને કહેલ કે તમારો ભાઇ હરેશ મારી દિકરીને ભગાડીને લઇ ગયેલ છે અને મોડાસાથી તેઓ તથા તેમના પત્ની રાત્રીના નિકળીને સમઢીયાળા નં –૧ એ આવેલ વાડીએ આવેલા અને ભોગબનનાર બાબતે આજુબાજુમા તપાસ કરેલી છતા પણ ભોગબનનાર મળી આવેલ નહી. ત્યારબાદ તેઓએ બોટાદ પોલીસ સ્ટેશનમાં આરોપી હરેશ વિરુધ્ધ ફરીયાદ નોંધાવેલી. જે ફરિયાદ સાહેદને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૧ થી રજુ રાખેલ છે. તેમજ ભોગબનનારનો જન્મતારીખનો દાખલો બતાવતા તે ઓળખી બતાવી, આંક – ૧૨ થી રજુ રાખેલ છે. ભોગબનનાર દિકરી બે ત્રણ મહીના પછી મળી આવેલી તેને બોટાદ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ અને તેમને પોલીસ સ્ટેશનેથી ફોન આવેલ જેથી તેઓ અને તેમના પત્ની પોલીસ સ્ટેશન ગયેલા. પોલીસે ભોગબનનારને બીજે દિવસે સોંપેલી અને ભોગબનનાર તેમને મળેલી અને રડવા લાગેલી અને કહેલ કે, આરોપી હરેશ તેણીને જબરદસ્તીથી લઇ ગયેલ. આરોપીને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણી જણાવે છે કે, બનાવ ચોક્કસ કઇ તારીખે બનેલો તે તેઓ કહી શકે નહી. બનાવની ફરીયાદ કઇ તારીખે આપેલી તે પણ કહી શકે નહી. તેઓને તેમના સાળાનો ફોન આવેલો કે ભોગબનનાર રાત્રે ૨ વાગ્યાથી ઘરે નથી તે સિવાય બીજું કાઇ જણાવેલ નહી. તેઓ ફરીયાદ આપવા ગયા ત્યારે ભોગબનનારના

ફોટા આપેલા તે સિવાય બીજું કાંઇ આપેલુ નહી. પોલીસે ફરીયાદમાં સહી કરવાનું કહેતા તેમણે ફક્ત સહી કરેલી. બનાવ વખતે તેઓ મોડાસા હોય બનાવ અંગેની તેઓને જાત માહિતી નથી. કહેવાતી બનાવવાળી જગ્યા તેમણે જ પોલીસને બતાવેલી. કહેવાતા બનાવની ફરીયાદ તેમણે દસ દિવસ મોડી આપેલી. તેઓએ ભોગબનનારની જન્મ તારીખ ની નોંધણી ત્રણ ચાર વર્ષ પછી કરાવેલી. આરોપી અને તેઓ એક જ જ્ઞાતિના છે અને બાજુબાજુના ખેતરે કામ કરતા હોય જેથી તેઓ ઓળખે છે. તેઓએ શંકાના આધારે ફરીયાદ આપેલી હતી. ભોગબનનારે બનાવના દિવસે કયા કપડા પહેરેલા હતા તે તેમને ખબર નથી.

– ઉપરોક્ત ફરિયાદીની સમગ્રપણે જુબાની જોતાં તેઓને ભોગબનનારની જન્મતારીખ ખબર નથી. વિશેષમાં ફરિયાદીએ સદરહુ ફરિયાદ ૧૦ દિવસ મોડી આપેલ છે જે મોડી ફરિયાદ કરવા અંગેનુ કોઈ વ્યાજબી કારણ પણ ફરિયાદીએ જણાવેલ નથી. વિશેષમાં ફરિયાદીએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ મોડાસા હતા જેથી તેમને બનાવની કોઈ જાત માહિતી નથી. તેમને ફક્ત તેમના સાળાનો ફોન આવ્યો હતો કે દીકરી ઘરે નથી, પરંતુ તે કોની સાથે ગઈ છે તેની ચોક્કસ માહિતી તેઓને ત્યારે નહોતી. ફરિયાદીએ ફરિયાદ માત્ર શંકાના આધારે આપેલી હતી. આમ, શંકા ગમે તેવી પ્રબળ હોય, પણ તે પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. માત્ર શંકાના આધારે કોઈ વ્યક્તિને દોષિત ઠેરવી શકાય નહીં. વધુમાં, ફરિયાદીએ ભોગબનનારની ઉંમરના ચોક્કસ પુરાવા પણ રજુ કરેલ નથી. આમ, ફરિયાદીએ આરોપીને ગુન્હા સાથે સાંકળતો પુરાવો રજુ કરેલ ન હોવાથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો નથી.

**૧૨.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ ડૉ. મોહિતભાઈ મુકેશભાઈ વાઘેલાને આંક – ૧૪** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ તેઓ સી.એચ.સી. લાઠીદડ ખાતે ફરજ પર હતા તે વખતે મહિલા પોલીસ કર્મચારી નયનાબેન ડાભી, બ.નં.૨૨૯ નાઓ આ કામના ભોગબનનાર, ઉ.વ.૧૫, ૧૧ માસને તેઓ સમક્ષ તપાસણી કરવા માટે બોટાદ રૂરલ પોલીસ સ્ટેશન.ના પી.આઇ.શ્રીની યાદી સાથે લાવેલા. તેઓએ તેમની બળાત્કાર સંબંધી

ગુન્હાઓના ભોગબનનારની શારીરિક તપાસ અર્થેના પ્રોટોકોલ મુજબ તેમની સંમતિ મેળવેલી તેમજ નમુનાના ફોર્મમા ભોગબનનારની તપાસ કરી તેની નોંધ કરેલી. ત્યારબાદ ભોગબનનારની શારીરિક તપાસણી કરેલી તેમજ ભોગબનનારને બનાવ બાબતેના ઈતિહાસ અંગે પુછતા તેણીએ પોલીસ તેમજ સ્ટાફ નર્સની હાજરીમા ઈતિહાસ જણાવેલો તથા તેની નીચે અંગુઠો કરેલ. તેઓએ ભોગબનનારના શરીર ઉપરથી સલાઈવા, નખ, લોહી, વેજાઈનલ સ્વાબ, પ્યુબીક હેર, સ્કાલ્પ હેર, એક્સીલરી હેર તથા વલ્વલ સ્વોબના નમુનાઓ લીધેલા તથા હોસ્પિટલના સીલ સાથે ફોરેન્સીક તપાસ અર્થે પોલીસને સુપરત કરેલા. તેમજ ભોગબનનારની તપાસણી અંગેનું તેઓએ એમ.એલ.સી. કેસ પેપર્સનો રીપોર્ટ તથા પ્રમાપપત્ર આપેલુ જે આ કામે રજુ રાખેલ છે.

ત્યારબાદ તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના ૬:૨૦ વાગ્યે તેઓ સમક્ષ આરોપીની મેડીકલ તપાસ માટે બોટાદ રૂરલ પોલીસ સ્ટેશનની યાદી પો.કોન્સ. એચ.જી.તુવર, બ.નં.૩૮૫ નાઓ લાવેલા. જે યાદી આ કામે રજુ રાખેલ છે. આરોપીની વિગતો તેઓએ નમુનાના ફોર્મમા લખી લીધેલી તથા તેને જોતા જમણા ફોર આર્મ ઉપર ઘાટા લીલા રંગનુ ગુજરાતીમા 'હરેશ' અને અંગ્રેજીમા 'એચ' લખેલુ ટેટુ હતુ અને બીજા ડાબા ફોર આર્મ પર ઘાટા લીલા રંગનુ અંગ્રેજીમા 'એચ' લખેલ ટેટુ હતુ. આરોપીને બનાવ અંગે પુછતા તેઓએ બનાવનો ઈતિહાસ પોલીસ તેમજ સ્ટાફ નર્સની હાજરીમાં જણાવેલો તથા તેની નીચે અંગુઠો કરેલ. ત્યારબાદ તેઓએ આરોપીના શરીર ઉપરથી પ્યુબીક હેર, નખ, સલાઈવા, લોહી, વીર્ય, બગલના વાળના નમુનાઓ તપાસ અર્થે લીધેલા તથા યોગ્ય રીતે સીલ કરી ફોરેન્સીક તપાસ માટે પોલીસને મોકલી આપેલા. આરોપીના સેક્સ્યુઅલ કેરેક્ટર્સ યોગ્ય રીતે વિકસીત હતા તેના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન ન હતા. આરોપીના શરીરની તપાસ કરતા બી.પી., પલ્સ રેટ, શરીરનું તાપમાન અને સ્વાછોસ્વાસની ક્રીયા સામાન્ય હતી. આરોપીની શારીરિક તપાસણી કરી તે અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે રજુ રાખેલ છે. તેમજ તેમની તપાસમાં આરોપી શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હોવાનું જણાવેલ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેમને પોલીસ યાદી મળેલી જેમા આરોપી તથા ભોગબનનારની ઉમર રહેવાનુ સરનામુ અને ગુન્હાની વિગતો હતી. કોઇ સગીર વયની ભોગબનનાર મહિલાની તપાસ મહિલા તબીબે કરવાની હોય છે. તેમણે ભોગબનનારની ઉમર અંગે કોઇ તપાસ કરેલી નહી. તેમની તપાસ દરમ્યાન ભોગબનનારના શરીરના બાહ્ય ભાગમા ઈજાના નિશાન જણાયેલા નહી. હાયમેન તુટવાના ઘણા કારણો હોય શકે. તેમણે તપાસ કરેલ ન હોય ભોગબનનારનું હાયમેન તુટેલ હતુ કે કેમ તે તેઓ કહી શકે નહી.

– ઉપરોક્ત મેડિકલ ઓફિસશ્રીની જુબાની જોતાં તેઓ દ્વારા આ કામના ભોગબનનાર તથા આરોપીની મેડિકલ તપાસ કરવામાં આવેલ છે અને તેઓના જણાવ્યા અનુસાર ભોગબનનાર કે આરોપીના શરીરના કોઈપણ ભાગ ઉપર ઈજાના નિશાન જોવા મળેલા ન હતાં. તેમજ ભોગબનનાર તથા આરોપીની મેડિકલ હિસ્ટ્રી જોતાં પણ *આ કામના ભોગબનનાર તથા આરોપી બંનેએ મરજીથી ભાગવાનું નક્કી કરેલુ અને બંનેની મરજીથી શારીરિક સંબંધ રાખ્યો હતો.* તે સંગોજોમાં આરોપીએ ભોગબનનાર સાથે કોઈપણ પ્રકારની બળજબરી કરી હોય તેવા કોઈ મેડિકલ પુરાવો આ સાહેદની જુબાની દરમિયાન રજુ થયેલ નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીને આધારે આરોપી વિરૂદ્ધ જે ગુનાના આક્ષેપો છે તે પુરવાર થતાં નથી.

૧૩.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૪ ડૉ. શીવાનીબેન મુકેશભાઈ રાણાને આંક – ૨૦** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૦૯/૦૪/૨૦૨૪ ના રોજ રાત્રીના ૧૧:૪૭ કલાકે તેઓ સર તખ્તસિંહજી હોસ્પિટલ ભાવનગર ખાતે સિનિયર રેસીડેન્ટ ડોકટર તરીકે ફરજ પર હાજર હતા. તે વખતે બોટાદ રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરીમાંથી પોલીસી યાદી સાથે મેડિકલ ઓફિસર સી.એસ.સી. લાઠીદડ તથા જનરલ હોસ્પિટલ બોટાદ દ્વારા રીફર કરવામાં આવેલ ભોગબનનાર ઉંમર વર્ષ ૧૫ અને ૧૧ માસ નાઓને વુમન પોલીસ કોન્સ્ટેબલ પાયલબેન પ્રવીણભાઈ બકલ નંબર ૩૨૬ તેઓ પાસે ગાયનેક ચકાસણી માટે લાવેલા. તેઓને આંક–૧૬ વાળી રીફર સ્લીપ બતાવતા તેમા સ્વીકાર્યા

બદલની પોતાની સહી ઓળખી બતાવે છે જે આ કામે રજુ રાખેલ છે. ત્યારબાદ તેણીની તપાસણી કરેલી તેમજ તેણીને ઈતિહાસ પુછતાં તેમણે જણાવેલો. તેમજ ભોગબનનારની તપાસણી અંગેનું તેઓએ પ્રમાણપત્ર આપેલુ. જે પ્રમાણપત્ર આ કામે રજુ રાખેલ છે. તેઓના અભિપ્રાય મુજબ ભોગબનનારનું હાયમન જુનુ તુટેલુ હોય ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધવામા આવેલ છે તેવી શક્યતા નકારી શકાય નહી.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, કોઈ ભોગબનનાર તેમની પાસે તપાસણી માટે આવે ત્યારે તેણીનું ડી.એન.એ. ટેસ્ટનું ફોર્મ ભરવુ ફરજીયાત છે. આ કામે એવુ કોઈ ફોર્મ ભરેલ નથી. આંક–૨૧ ની યાદીમા સ્વીકાર્યા બદલ ક્યા ડોકટરની સહી છે તે ચોકકસ કહી શકે નહી. તેઓએ ભોગબનનારની ઉમર પોલીસ યાદીના આધારે લખી છે. હાયમેન તુટવાના ઘણા કારણો હોય છે. સાહેદ ભોગબનનાર સાથે શારીરિક સંભોગ કે બળાત્કાર થયેલ છે તેવુ ચોક્કસ કહી શકે નહી. ભોગબનનાર તેમની તપાસ દરમિયાન સ્વસ્થ અને સારા જણાયેલા તેમજ તેણીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન ન હતા.

– ઉપરોક્ત મેડિકલ ઓફિસશ્રીની જુબાની જોતાં તેઓ દ્વારા આ કામના ભોગબનનારની ગાયનેક તપાસ કરવામાં આવેલ છે. ભોગબનનારની તપાસ દરમિયાન તે સ્વસ્થ અને સારા જણાયેલ. વધુમાં સદરહુ ડોક્ટર સાહેદે ભોગબનનાર સાથે શારીરિક સંભોગ કે બળાત્કાર થયેલ છે તેવુ ચોક્કસ જણાવેલ નથી. ભોગબનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન ન હતાં. જેથી આરોપીએ ભોગબનનાર સાથે બળજબરી કરી હોય તેવો કોઈ મેડિકલ પુરાવો આ સાહેદની જુબાની દરમિયાન રજુ થયેલ નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીને આધારે પણ આરોપી વિરૂદ્ધ જે ગુનાના આક્ષેપો છે તે પુરવાર થતાં નથી.

**૧૪.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૫ કનકલત્તા ધનજીભાઈ નકુમને આંક – ૨૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૦/૦૪/૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યે તેઓ સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે ગાયનેકોલોજીસ્ટ વિભાગમાં હેડ

ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે ફરજ પર હાજર હતા. તે વખતે ડો.શિવાની રાણા ભાવનગર સર.ટી હોસ્પિટલ ખાતેના સીનીયર રેસીડેન્ટ ડોકટર તરીકે ફરજ પર હતા ત્યારે ભોગબનનારના આંક–૨૨ વાળા રીપોર્ટ સંબંધે તેઓએ ભોગબનનાર સગર્ભા હોય અને પ્રેગનેન્સી રીપોર્ટમાં પણ તે સગર્ભા જણાય આવેલ હોય તે સંબંધે તેમનું માર્ગદર્શન માગેલુ તો તે રીપોર્ટ અનુસંધાને તેમણે તેઓને એમ.ટી.પી. એકટ અન્વયે ભોગબનનારની મેડીકલ ટર્મીનેશન માટેની સલાહ આપેલી. જે આંક–૨૨ વાળો રીપોર્ટ તેઓને બતાવતાં, સદર પ્રમાણપત્ર તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસણી ડો.શિવાનીએ કરેલી તે ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, ભોગબનનારની તેઓએ કોઈ મેડીકલ તપાસણી કરેલ નથી. તેઓએ ડો.શિવાનીને મૌખિક માર્ગદર્શન આપેલુ.

– ઉપરોક્ત મેડિકલ ઓફિસરશ્રીની જુબાની જોતાં તેઓના પુરાવાથી માત્ર એટલુ ફલિત થાય છે કે ભોગબનનાર સગર્ભા હતી. પરંતુ તે સગર્ભાવસ્થા પાછળ આરોપી જ જવાબદાર છે તે બાબત આ સાહેદના પુરાવાથી પુરવાર થતી નથી. વિશેષમાં, તેઓએ ડો. શિવાનીને મૌખિક માર્ગદર્શન આપેલ હોવાનુ જણાવેલ છે. તેમજ તેઓએ ભોગબનનારની કોઈ મેડિકલ તપાસણી કરેલ નથી. તે સંજોગોમાં જ્યારે અન્ય પુરાવો ન હોય ત્યારે માત્ર મૌખિક માર્ગદર્શન આપનાર સાહેદના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહીં.

**૧૫.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૬ ભરતગીરી પ્રતાપગીરી ગોસાઈને આંક – ૨૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ત્રણ વરસથી બોટાદ રૂરલ પોલીસ સ્ટેશન. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવે છે. ગઈ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ ફરીયાદીની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબની તેમના રુબરુમાં લેવામા આવેલી જે ફરીયાદ આ કામે આંક–૧૧ થી રજુ છે જે તેઓને બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓએ પી.આર.મેટાલીયા પો.ઈન્સ શ્રી બોટાદ રુરલ પોલીસ સ્ટેશનનાઓને આ ગુન્હાની તપાસ સોપેલી. જે તપાસ હુકમ આ કામે રજુ રાખેલ છે. સદર

ફરીયાદના આધારે તેઓએ બોટાદ રુરલ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૩૮૨/૨૦૨૩ થી એફ.આઇ.આર. નોંધેલી. તેમજ સદર ગુન્હાની સ્ટેશન ડાયરીમાં નોંધ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ કરેલ છે. સદર કામે તેઓએ ગુન્હો નોંધ્યા બાદ ગુન્હા અંગેનુ સુચીપત્ર તૈયાર કરેલુ. તે તમામ દસ્તાવેજો આ કામે રજુ રાખેલ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, જે સ્ટેશન ડાયરીમા નોંધ કરેલ તેનો ઉતારો તેઓએ રજુ કરેલ નથી. ફરીયાદ લીધી તે વખતે તેઓ ફરજ પર હાજર હોય એવો કોઇ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. ફરીયાદ એક મહિનો અને દસ દિવસ મોડી કરવામા આવેલી. એફ.આઈ.આર.ના કોલમ નં.૮ મા મોડી ફરીયાદ આપવાનું કોઇ કારણ દર્શાવેલ નથી. ફરીયાદ દાખલ કરવા સિવાય બીજી કોઇ કામગીરી કરેલી નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓએ આ કામે ફરિયાદ દાખલ કરવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ ન હોઈ જેથી આ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**૧૬.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૭ સકીલરજા મોહમદયુસુફ દધાલીયાને આંક – ૩૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૧૯૯૮ થી તેઓ મોડાસા નગરપાલિકામાં ફરજ બજાવે છે અને સને ૨૦૦૩ થી સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. તેઓએ તેમની કચેરીનું સને ૨૦૦૮ ની સાલનું જન્મ નોંધણી રજીસ્ટર રજુ રાખેલ છે. જેમાં અનુક્રમ નં.૧૮૭૦ ઉપર ભોગબનનારના જન્મની નોંધ કરવામાં આવેલી છે જે અનુસાર તેણીની જન્મ તા.૨૪/૦૪/૨૦૦૮ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, સદર જન્મની નોંધ તેઓએ કરેલ નથી. આંક – ૧૨ વાળા પ્રમાણપત્રમાં સબ રજીસ્ટ્રાર તરીકે કોઈની સહી નથી. સદરહુ જન્મની નોંધમાં ભોગબનનારનુ નામ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ નોંધવામાં આવેલુ છે જે પાછળથી નોંધવામાં આવેલુ. બાળકના જન્મ અંગે તેઓ જાતે કોઈ ખરાઈ કરતા નથી.

– ઉપરોક્ત સાહેદના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા ભોગબનનારના

જન્મના પ્રમાણપત્રમાં જણાવેલી જન્મતારીખ સંબંધે પોતાની કચેરીના જન્મના રજીસ્ટરમાં ખરાઈ કરી પોલીસને તેમનું પ્રમાણપત્ર આપવામાં આવેલું છે. પરંતુ આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતાં ભોગબનનારની જન્મની નોંધ તેઓએ કરેલી નથી. તેમજ ભોગબનનારના જન્મના પ્રમાણપત્રમાં સબ રજીસ્ટ્રાર તરીકે કોઈની સહી નથી. વધુમાં સદર જન્મનોંધમાં ભોગબનનારનુ નામ પાછળથી નોંધવામા આવેલુ જે અંગે તેઓની કચેરી દ્વારા કોઈ ખરાઈ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૧૨ અન્વયે ભોગબનનારની જન્મતારીખ દર્શાવતું જે પ્રમાણપત્ર રજુ થયેલ છે તેમાં ભોગબનનારની જન્મ તારીખ ૨૪/૦૪/૨૦૦૮ ની હોવા અંગેનો કોઈ સમર્થનકારી પુરાવો આ સાહેદની જુબાની દ્વારા રજૂ થયેલ નથી કે જેના આધારે આ જન્મતારીખ સાચી હોવાનું પુરવાર થાય. તે સંજોગોમાં ફરિયાદપક્ષ આ સાહેદની જુબાનીને આધારે આંક – ૧૨ વાળું પ્રમાણપત્ર સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહેલ છે.

**૧૭.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૮ પ્રભુભાઈ રામજીભાઈ મેટાલીયાને આંક – ૩૭** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ તેઓ બોટાદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ફરજ પર હતા તે વખતે બોટાદ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૩૮૨/૨૦૨૩ ના ગુન્હાની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળેલી. જે તપાસ સંભાવળાની ચાદી આ કામે આંક–૩૨ થી રજુ છે જેમા પી.એસ.ઓ.ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ આ કામે તેઓને તપાસનો હુકમ તેમજ ફરીયાદીની ફરીયાદ અને ભોગબનનારના જન્મનો દાખલો મળેલ જેનાથી તેઓ વાકેફ થયેલા. જે ફરીયાદ આ કામે આંક–૧૧ થી તેમજ જન્મનો દાખલો આ કામે આંક–૧૨ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ આરોપી તથા ભોગબનાનારની શોધખોળ કરવા માટે તપાસ અર્થે બહાર ગામ જવા માટે પોલીસ અધિક્ષકશ્રી બોટાદનાઓ પાસે મંજુરી મેળવવા ચાદી કરેલી. તેમજ આ કામે શંકાસ્પદ મોબાઇલ નંબરો મળેલા જેના સી.ડી.આર. મેળવવા માટે ચાદી કરેલી.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ

જણાવે છે કે, તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

૧૮.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૯ જીગરભાઈ ભરતકુમાર પંડીતને આંક – ૪૦** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૨/૦૪/૨૦૨૪ ના અરસામા તેઓ એલ.આઈ.બી. પો.ઈન્સ, બોટાદ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે એ.એચ.ટી.ઓ પી.આઈ. બોટાદનો ચાર્જ તેમની પાસે હતો તે વખતે સદરહુ ગુન્હાની તપાસ એસ.પી.શ્રી બોટાદ તરફથી તેઓને લેખિત હુકમથી સોંપવામા આવેલ જે હુકમ આ કામે આંક – ૪૧ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આ કામે તપાસ દરમ્યાન ભોગબનનાર અને આરોપી અન્ય જીલ્લામાં હોવાની બાતમી મળતા બીજા જીલ્લામાં તપાસ કરવા જવા માટે એસ.પી.શ્રી બોટાદની મંજુરી માંગવામા આવેલ. ત્યારબાદ પો.સ.ઈ. વી.વી.પંડ્યાનાઓ ભોગબનનાર તથા આરોપીને શોધી તેમની સમક્ષ રજુ કરેલ અને ત્યારબાદ આગળની વધુ તપાસ બોટાદ રુરલ પી.આઈ. વી.એલ.સાકરીયાને સોંપેલી.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓએ શ્રીમતિ સાકરીયાને તપાસ સોપ્યા બાબતનો કોઇ રીપોર્ટ આ કામે રજુ રાખેલ નથી.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીઓના પુરાવાનું મુલ્યાંકન કરતાં, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે કરવી પડતી કામગીરી કરેલાનું જણાય આવે છે. જેથી સાહેદે તેમની ફરજના ભાગ રૂપે કરવી પડતી કાર્યવાહી કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે.

૧૯.) ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૦ તપાસ કરનાર અમલદાર વર્ષાબેન લવજીભાઈ સાકરીયા**ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ ઢસા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સપેક્ટર તરીકે તેમની ફરજ પર હાજર હતા અને તેઓની બદલી બોટાદ ખાતે થતા તા.૨૧/૧૨/૨૦૨૩ નારોજ બોટાદ રુરલ પોલીસ સ્ટેશન હાજર થઈ સદરહુ ગુન્હાની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ પુરોગામી ત.ક.અ જે.બી.પંડીત પાસેથી સંભાળેલી. તપાસ સાથે તેઓએ ફરીયાદ તથા સાધનીક કાગળો મળેલા. ત્યારબાદ તપાસ દરમ્યાન

ભોગબનનાર અને આરોપી અન્ય જીલ્લામાં હોવાની બાતમી મળતા બીજા જીલ્લામાં તપાસ કરવા જવા માટે એસ.પી.શ્રી બોટાદની મંજુરી માંગવામા આવેલ. આ કામે ભોગબનનાર તથા આરોપી મળી આવેલ હોય ભોગબનનારનુ નિવેદન લેતા તેની સાથે આરોપીએ શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત ખુલતા ભોગબનનાર સાથે શરીર સંબંધ બાધ્યાનો ગુનો બનેલો હોય તે મતલબનો કલમ ઉમેરો કરવા નામદાર પોકસો કોર્ટને યાદી કરેલી. તેમજ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ ભોગબનનારે બનાવ સમયે જે કપડા પહેરેલ હતા તે રજુ કરતા હોય પંચનામાની વિગતે કપડા કબજે કરેલા. ત્યારબાદ આરોપી મળી આવેલ હોય અને તેની ગુન્હામા સંડોવણી જણાતા આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ કરી અટક કરેલ અને ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધતી વખતે પહેરેલ કપડા રજુ કરતા હોય શરીરસ્થિતિના પંચનામાની વિગતે કપડા કબજે કરેલા. તેમજ આરોપીની અટક બદલની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા યાદી કરેલી. ત્યારબાદ આરોપીની મેડીકલ તપાસણી કરવા એમ.ઓ. લાઠીદડને યાદી કરેલી. તેમજ ભોગબનનારની તપાસણી કરવા એમ.ઓ. લાઠીદડને યાદી કરેલી. ભોગબનનારની ગાયનેક સંબંધી તપાસ કરવા ગાયનેક સર.ટી. હોસ્પિટલને યાદી કરેલી. તેમજ આરોપીની મેડીકલ તપાસણી તથા નમુના લેવા એમ.ઓ. લાઠીદડને યાદી કરેલી.

ત્યારબાદ ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા નામદાર કોર્ટમાં યાદી કરેલી. તેમજ ભોગબનનારનુ મેડીકલ સર્ટી મેળવવા સર.ટી.હોસ્પિટલને યાદી કરેલી. ત્યારબાદ ભોગબનનાર તથા આરોપીના મેડીકલ સેમ્પલો આવતા પંચનામાની વિગતે કબજે કરેલા. ત્યારબાદ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવા બીજા જીલ્લામા જવાનું હોય એસ.પીશ્રીની મંજુરી માગેલી. આ પંચનામાના કામે સરકારી પંચોની જરુરીયાત હોય પી.જી.વી.સી.એલ. ઝોનલ કચેરી બોટાદને યાદી કરેલી. તેમજ પી.જી.વી.સી.એલ. બોટાદ તરફથી પંચો ફાળવ્યા બાબતની યાદી આવતા કામમા સામેલ રાખેલી. ત્યારબાદ બનાવવાળી જગ્યા ભોગબનનાર

દેખાડતા હોય બનાવવાળી જગ્યાએ જઈ પંચનામુ કરેલુ. ત્યારબાદ આ કામે કબજે લીધેલ તમામ મુદામાલ ફોરેન્સીક પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. જુનાગઢ ખાતે મોકલી આપેલ. ત્યારબાદ મુદ્દામાલ મળ્યા બાબતની પહોચ તથા એફ.એસ.એલ. અહેવાલ આવતા કામમા સામેલ રાખેલ. તેમજ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર અદાલતમાં ચાર્જશીટ કરેલું. સાહેદને મુદામાલ બતાવતા તે તેઓ ઓળખી બતાવે છે. આરોપીને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, બનાવ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ બનેલો અને તેની ફરીયાદ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ દાખલ થયેલી. ફરીયાદ એક માસ અને દસ દિવસ મોડી છે. ભોગબનનારના બન્ને નિવેદનો જે તેમના દ્વારા લેવામા આવેલ છે તેમા તેણીનો અંગુઠો ઓળખાવેલ નથી. ફરીયાદી ભરતભાઈની વાડીએ કામ કરતા હોય તે બાબતનો કોઈ લૈખિત આધાર આ કામે રજુ રાખેલ નથી.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીઓની સમગ્રપણે જુબાની જોતાં તેઓએ ત.ક.અધિકારી તરીકે તેમની ફરજના ભાગ રૂપે કરવી પડતી કાર્યવાહી કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીએ ભોગબનનારની જન્મતારીખ સંબંધે મોડાસા નગરપાલિકાના જવાબદાર અધિકારીએ કચેરીમાં નોંધેલી જન્મતારીખ ખરી છે કે કેમ તેનો કોઈ યોગ્ય તપાસ કરેલ નથી કે તે અંગેનો આધાર તેમણે તેમની તપાસ દરમિયાન મેળવેલ નથી. વિશેષમાં ફરિયાદીએ સદરહુ ફરીયાદ એક માસ અને દસ દિવસ મોડી આપેલ છે જે ફરિયાદ મોડી આપવા અંગે પણ તેઓએ કોઈ તપાસ કરેલ હોવાનું જણાઈ આવતુ નથી. વધુમાં આ કામે જે સાહેદોને તપાસવામાં આવેલા છે તેમના પુરાવાથી તપાસ કરનાર અધિકારી દ્વારા જે તપાસ કરવામાં આવેલી છે તે આરોપીને સજા કરી શકાય તેટલી પૂરતી જણાતી નથી અને તેઓની તપાસને કોઈપણ પ્રકારનું સમર્થન પ્રાપ્ત થતું ન હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u>**

**૨૦.)** ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં કરવામાં આવેલ ચર્ચાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

**૧.)** આરોપી હરેશભાઈ ઉર્ફે હરીયો ભલાભાઈ નાયકા, રહે. સરગઈ, તા.બોડેલી, જી.છોટાઉદેપુરને ઇ.પી.કો. કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોક્સો એક્ટની કલમ -૪, ૫(એલ), ૬, ૮, ૧૧(૬), ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીના જામીન તથા જામીનખત આથી રદ્ધ કરવામાં આવે છે.

**૩.)** આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

**૪.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૦ મી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ